NOTIFICATION-09--C O -I

**ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ ની પેટા કલમ–૧ તથા ૩ અન્વયેનો હુકમ**

-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-

નં.હોમ/પલસ/૩/વશી/૨૧૭૦ થી ૨૨૨૦/૨૦૧૬ તા.૦૪/૦૩/૨૦૧૬

**// જા હે ર ના મુ //**

(૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી હોળી–ધુળેટીના તહેવારને અનુંલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ– ૧૯૫૧ ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું **જે.કે.ઠેસીયા,અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) **તા :–૦૫/૦૩/૧૬ થી તાઃ–૧૯/૦૩/૧૬ (બંને દિવસો સહિત)** અમરેલી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા,તલવાર,ભાલા,સોટા,બંદુક,ચપ્પુ,લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ,સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવુ નહી.કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી અને બુમો પાડવી નહી તથા સુત્રોચ્ચાર કરવા નહી.

(૫) આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારી તથા અધિકારીઓને ,

(બ) શારિરીક અશકિતના કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યકિતઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખઃ–૦૫/૦૩/૧૬ થી તાઃ–૧૯/૦૩/૧૬( બંને દિવસો સહિત)** અમરેલી જીલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી / તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી /પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવા ની હું મનાઈ ફરમાવું છુ.

(૭) ઉપરોકત પેરા–૬(છ) માં કરવામાંઆવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડા ને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

(૮) આ જાહેનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂ છું કે પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહુ હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાંનપત્રો ધ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ :– ૦૪ – માર્ચ – ૨૦૧૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડયો.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ * અમરેલી * ગુજરાત રાજ્ય

(જે.કે.ઠેસીયા)
**અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ**
**અમરેલી**

નકલ રવાનાઃ–

(૧) પોલીસ અધિક્ષકશ્રી,અમરેલી

૨/– વધારાની ૨૫ નકલો સાથે જરૂરી નકલો કરી કાયદાની જોગવાઈ તથા સુચનાઅનુસાર બહોળી પ્રસિધ્ધી કરી/કરાવી અને પ્રસિધ્ધિ કર્યાનો રીપોર્ટ મોકલવા સારૂ

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી,અમરેલી/રાજુલા /ધારી/સાવરકુંડલા/લાઠી

(૩) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,અમરેલી/સાવરકુંડલા

(૪) તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી,..................(તમામ)જી.અમરેલી
(૫) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી,દામનગર/મોટી કુંકાવાવ/વંડા
(૬) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,....................(તમામ)જી.અમરેલી

૨/–કાયદાની જોગવાઈ તથા સુચનાઅનુસાર બહોળી પ્રસિધ્ધી કરવા અને પ્રસિધ્ધિ કર્યાનો રીપોર્ટ મોકલવા સારૂ

(૭) નાયબ માહિતી નિયામકશ્રી,અમરેલી તરફ જાણ તથા વર્તમાન પત્રોમાં વિના મૂલ્યે ન્યુઝ આઈટમ તરીકે પ્રસિધ્ધી આપવા સારૂ તથા તેના આધારો માટે સબંધિત વર્તમાન પત્રોના પ્રેસ કંટીગની નકલ અત્રે મોકલવા સારૂ

(૮) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,રાજકોટ,ગેઝેટમાં પ્રસિધ્ધ થવા સારૂ

(૯) અંગત મદદનીશ ટુ જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી

**નકલ સવિનય રવાના:–**

મે.ડીસ્ટ્રીક એન્ડ સેસન્સ જજશ્રી ,અમરેલી જાણ સારૂ